# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**મહાનગર સેવા સદન-અમદાવાદ**
**રમણભાઈ લલ્લુભાઈ મ્યુ.સ્નાનાગાર,**
**લાલ દરવાજા,અમદાવાદ-૩૮૦૦૦૧.**

## જાહેર ટેન્ડર નોટીસ

**( ટેન્ડર નોટીસ નં. ૦૧/ ૨૦૨૧ - ૨૨ )**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન બિલ્ડીગ પ્રોજેક્ટ અંતર્ગત પુર્વ ઝોનમાં વસ્ત્રાલ વોર્ડમાં નવા બનેલ સ્નાનાગાર “એ” ગ્રેડ (૫૦ ચો.મી. x ૨૫ ચો.મી. બેબી પુલ સાથે) પાંચ વર્ષ માટે પીપીપી મોડલથી ચલાવવા માટે રસ ધરાવનાર આ પ્રકારની કામગીરી કરતી એજન્સીઓ પાસેથી અ.મ્યુ.કો. દ્વારા નક્કી કરેલ શરતોએ સ્નાનાગાર ચલાવવા માટે ભાવ મંગાવવામાં આવે છે.આ અંગેનું **ટેન્ડર નં.૧** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ ahmedabadcity.gov.in ઉપર મુકવામાં આવેલ છે.જે ઉપરથી ટેન્ડર કોપી તથા શરતો ડાઉનલોડ કરી ટેન્ડર ફોર્મ ભરી તેને ટેન્ડર ઓફિસર, સેન્ટ્રલ રેકર્ડ ઓફિસ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતે રુબરુ/રજીસ્ટરએડી/સ્પીડ પોસ્ટથી **છેલ્લી તા.૦૧/૦૪/૨૦૨૨ નાં બપોરના ૦૨:૦૦ કલાક સુધી પહોંચાડવાના રહેશે. ટેન્ડર તે જ દિવસે બપોરનાં ૦૩:૦૦ કલાકે કવર-એ ટેકનીકલ બીડ ખોલવામાં આવશે.**

**ડે.મ્યુનિસિપલ કમિશનર**
**(સ્નાનાગાર)**

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**મહાનગર સેવા સદન-અમદાવાદ**
**રમણભાઈ લલ્લુભાઈ મ્યુ.સ્નાનાગાર,**
**લાલ દરવાજા,અમદાવાદ-૩૮૦૦૦૧.**

## જાહેરાત

| | |
|---|---|
| અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન<br>મહાનગર સેવાસદન<br>સરદાર પટેલ ભવન,દાણાપીઠ,અમદાવાદ-૩૮૦૦૦૧ | |
| અ.મ્યુ.કો. બિલ્ડીગ પ્રોજેક્ટ અંતર્ગત પુર્વ ઝોનના વસ્ત્રાલ વોર્ડમાં (૫૦ ચો.મી. x ૨૫ ચો.મી. બેબી પુલ સાથે) નવનિર્મિત સ્નાનાગારને પાંચ વર્ષ માટે પીપીપી મોડલથી ચલાવવા અંગે ટુ બીડ ટેન્ડર મંગાવવા . | |
| ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ અને સમય(ભરેલ ભાવ પર જી.એસ.ટી. અલગથી ગણવાનો રહેશે.) | તારીખઃ- ૦૧/૦૪/૨૦૨૨<br>બપોરે ૦૨:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ અને સમય(ભરેલ ભાવ પર જી.એસ.ટી. અલગથી ગણવાનો રહેશે.) | તારીખઃ- ૦૧/૦૪/૨૦૨૨<br>બપોરે ૦૩:૦૦ કલાકે |
| ટેન્ડર/ભાવ ભરીને આપવા તેમજ ખોલવા માટેનું સ્થળ | **ટેન્ડર ઓફિસર, સેન્ટ્રલ રેકોર્ડ ઓફિસ, મ્યુનિસિપલ કોર્પોરેશન, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧** |
| સ્નાનાગાર ચલાવવા માટેની શરતો મેળવવા માટે | www.ahmedabadcity.gov.in |
| | રમણભાઈ લલ્લુભાઈ મ્યુ.સ્નાનાગાર,હેડ ઓફિસ |
| ટેન્ડરના ટેકનીકલ બીડ ખોલ્યા બાદ કવોલીફીકેશન ક્રાઈટેરીયામાં જણાવેલ તેમજ અન્ય વિગતોની ચકાસણી કર્યા બાદ જે સંસ્થા /વ્યકિત કવોલીફાઇડ થશે તેઓને જ ટેન્ડરના ભાવ ખોલવાની જાણ કરવામાં આવશે. | |
| સીલ બંધ કવર ઉપર સ્નાનાગાર ચલાવવા માટેનું ટેન્ડર સ્નાનાગારનું નામ ,સરનામું લખવાનું રહેશે. | |
| મ્યુનિસિપલ સેવાને લગતી ફરિયાદ માટે ડાયલ કરો : ૧૫૫૩૦૩ | |

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## હસ્તકના સ્નાનાગાર પી.પી.પી.મોડલથી ચલાવવા માટેની શરતો.

## કવર- A

૧. જાહેરાતમાં જણાવેલ સ્નાનાગાર ચલાવવા માટે રસ ધરાવનાર વ્યક્તિ/સંસ્થાએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ **www.ahmedabadcity.gov.in** ઉપરથી તા.૦૧/૦૪/૨૦૨૨ સુધી ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.ટુ બીડ ભરેલ ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં ભરીને તા.૦૧/૦૪/૨૦૨૨ ના રોજ ૦૨:૦૦ કલાક સુધીમાં **ટેન્ડર ઓફિસર,સેન્ટ્રલ રેકર્ડ ઓફિસ,અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,સરદાર પટેલ ભવન,દાણાપીઠ,અમદાવાદ-૩૮૦૦૦૧** ખાતે રૂબરુ/રજીસ્ટર એડી/સ્પીડ પોસ્ટથી જમા કરાવવાના રહેશે.કવર ઉપર અ.મ્યુ.કો. બિલ્ડીંગ પ્રોજેક્ટ અંતર્ગત પુર્વ ઝોનના વસ્ત્રાલ વોર્ડમાં (બેબી પુલ સાથે) નવનિર્મિત સ્નાનાગારને પાંચ વર્ષ માટે સંચાલન અને નિભાવણીનો પરવાનો મેળવવા તે મુજબનો અચુકપણે કરવાનો રહેશે.

**ખાસ નોંધઃ- સદર ટેન્ડર ફોર્મ,શરતો,ઇ.એમ.ડી,ટેન્ડર ફી અનુભવની વિગતો વિગેરે અંગેના તમામ પુરાવા ટેકનીકલ બીડ અંગેના કવર-A માં મુકવાના રહેશે.તેમજ ભાવ પત્રકનું અલગ સીલબંધ કવર-B, કવર-A માં મુકવાનું રહેશે.**

- **ટેન્ડરરે ટેન્ડર બીડ કરતી વખતે ટેન્ડર કોપી સાથે ક્વોલીફીકેશન ક્રાઇટેરીયામાં જણાવેલ વિગતો પ્રમાણિત કરેલ નકલ સામેલ કરવાની રહેશે.**

**ક્વોલીફીકેશન ક્રાઇટેરીયા :-**

- જે વ્યકિત/સંસ્થા પાસે તરણક્રિયા ક્ષેત્રનો ઓછામાં ઓછો ૦૫ વર્ષનો અનુભવ ધરાવતા હોય તે જ ટેન્ડર ભરવા માટે ક્વોલીફાઇડ ગણવામાં આવશે.આ અંગેના પુરાવા જેમ કે સરકારી/અર્ધ સરકારી કે પ્રતિષ્ઠિત સંસ્થાનો અનુભવ ધરાવતો હોય તેના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ સામેલ કરવાની રહેશે.
- અનુભવનો સમયગાળો ટેન્ડરની જાહેરાતની તારીખ સુધીનો ગણતરીમાં લેવામાં આવશે.

૨. ક્વોલીફીકેશન ક્રાઈટેરીયામાં જણાવેલ વિગતોની ચકાસણી કર્યા બાદ જે સંસ્થા/વ્યક્તિ ક્વોલીફાઇડ થશે તેઓને જ ભાવ ખોલવા સમયે હાજર રહેવા માટે તારીખ,સમય તથા સ્થળની જાણ કરવામાં આવશે.ડીસ ક્વોલીફાઇડ થનારે ટેન્ડરમાં વધુ ભાવ ભર્યા હશે તો પણ તેઓને જાણ કરવાની રહેશે નહીં.

૩. વસ્ત્રાલ વોર્ડના સ્નાનાગારની ટેન્ડર ફી ૯૦૦/- (અંકે રૂા.નવસો પુરા) (Non Refundable) તથા ઇ.એમ.ડી.રૂા.૫૪,૦૦૦/- (Refundable) રાખવામાં આવેલ છે.જેનો ડિમાન્ડ ડ્રાફ્ટ "મ્યુનિસિપલ કમિશનર અમદાવાદ"ના નામના બનાવવાના રહેશે.જે ટેન્ડર સાથે મુકવાનો રહેશે.

૪. જે સંસ્થા ક્વોલીફાઇડ થશે તેઓએ સિક્યુરીટી ડીપોઝીટ રકમ પેટે એક સ્નાનાગાર દીઠ મંજુર થયેલ ભાવ ના ૩% લેખે "મ્યુનિસિપલ કમિશનર અમદાવાદ" ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ અ.મ્યુ.કો. ખાતામાં જમા કરાવવાનો રહેશે.જેનું ટેન્ડર મંજુર થશે તેની ભરેલ અર્નેસ્ટ મનીની રકમ સિક્યુરીટી ડિપોઝીટની રકમમાં મજરે આપવામાં આવશે.બાકી રહેતી રકમ દિન-૧૫ માં ભરવાની રહેશે.જેઓનું ટેન્ડર મંજુર થયેલ નથી તેઓની અર્નેસ્ટ મનીની રકમ વગર વ્યાજે પાછી આપવામાં આવશે.

૫. ટેન્ડર ડોક્યુમેન્ટ જમા કરાવવાની તારીખ તથા સમય પુર્ણ થયા બાદ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

૬. ટેન્ડરમાં જણાવવામાં આવેલ અપસેટ વેલ્યુ કરતા ઓછા ભાવ ભરેલ હશે તો તે ટેન્ડર આપો આપ રદ ગણાશે. શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

૭. સ્નાનાગારમાં કોઇ પણ નાતજાતના ભેદભાવ વગર તમામ વર્ગની વ્યકિતઓને પ્રવેશ આપવાનો રહેશે.

૮. સ્નાનાગાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નિરીક્ષણ હેઠળ રહેશે તેમજ તેઓની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે તેમજ અ.મ્યુ.કો. ના કોઇ પણ અધિકારીશ્રીઓ અથવા સંબંધિત સ્ટાફ સ્થળ ઉપર નિરીક્ષણ કરવા આવે ત્યારે તેઓને પુરતો સાથ અને સહકાર આપવાનો રહેશે.

૯. સ્નાનાગારની ખુલ્લી જગ્યાનો નાની ગેધરીંગ પાર્ટી, રીફ્રેશમેન્ટ સેન્ટર તથા સ્નાનાગારમાં તરણક્રિયા વર્કશોપ,ટુર્નામેન્ટ,સ્પર્ધાનું આયોજન સ્નાનાગારની પ્રિમાઇસીસમાં કરી શકાશે.સ્નાનાગારમાં કોઇપણ પ્રકારની રસોઇ બનાવી શકાશે નહીં.

૧૦. સ્નાનાગાર ચલાવનાર એજન્સીએ ભરેલા ભાવ સ્નાનાગારની મુલાકાત લઇને ભરવામાં આવેલ છે.તેમ ગણવામાં આવશે.

૧૧. સ્નાનાગાર ચલાવનાર એજન્સીએ સ્નાનાગારનો જે સ્થિતીમાં કબજો મેળવેલ હોય મુદત પુરી થયે તે જ સ્થિતીમાં પરત આપવાનો રહેશે.

૧૨. સ્નાનાગારની પ્રિમાઇસીસમાં વધારાનું બાંધકામ અ.મ્યુ.કો.ની પરવાનગી સિવાય કરી શકાશે નહીં.

૧૩. સ્નાનાગાર ફી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રવર્તમાન ફી ના દર મુજબ લેવાની રહેશે.તેમજ તેમા ફેરફાર કરવાની સત્તા અ.મ્યુ.કો.ની રહેશે.G.S.T. અલગથી નીતિ નિયમ મુજબ લઇ શકાશે.

૧૪. અ.મ્યુ.કો.ના 'એ' ગ્રેડના સ્નાનાગારના પ્રવર્તમાન ફી ના દરનું પત્રક

| અનુ | વિગત | સામાન્ય દર | કન્સેશન દર | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | **વાર્ષિક** | ૩૬૦૦ | **૨૫૦૦** | **જાણકાર સભ્યો માટે** |
| ૨ | **ત્રિ માસિક** | | | |
| | એપ્રિલ થી જુન | ૨૪૦૦ | ૧૭૦૦ | |
| | જુલાઇ થી સપ્ટે | ૨૦૦૦ | ૧૪૦૦ | |
| | ઓકટો થી ડિસે | ૮૦૦ | ૬૦૦ | |
| | જાન્યુ થી માર્ચ | ૧૨૦૦ | ૮૦૦ | |
| ૩ | **છ માસિક** | | | |
| | એપ્રિલ થી સપ્ટે | ૩૨૦૦ | ૨૨૦૦ | |
| | ઓકટો થી માર્ચ | ૧૪૦૦ | ૧૦૦૦ | |
| ૪ | **માસિક (ફક્ત માર્ચ)** | ૩૦૦ | ૨૦૦ | |
| ૫ | એક માસની સત્ર ફી | ૮૦૦ | ૬૦૦ | **શીખાઉ સભ્યો માટે** |
| ૬ | એડવાન્સ ટ્રેનીગ (માસિક ફી રૂા.) | ૧૦૦૦ | | |

<u>**નોંધઃ-**</u>

- કન્સેશન દર ફક્ત સ્ત્રી સભ્યો,૧૮ વર્ષ સુધીના વિધાર્થીઓ (શાળા/કોલેજના પ્રિન્સીપલના સહી/સિક્કા સાથે), મ્યુ.કર્મચારીઓ, મ્યુ.કર્મચારીઓના આશ્રિત (કુટુંબની વ્યાખ્યામાં આવતા હોય તે),મ્યુ.કાઉન્સીલરશ્રીઓના આશ્રિતો (કુટુંબની વ્યાખ્યામાં આવતા હોય તે) આપવાનો રહેશે.
- ૬૦ વર્ષથી ઉપરના સીનીયર સીટીઝનોને સામાન્ય દરમાં ૫૦% ફક્ત જાણકાર સભ્ય તરીકે કન્સેશન દર આપવાનો રહેશે.
- હાલના મ્યુ.કાઉન્સીલરશ્રીઓ, પુર્વ મ્યુ.કાઉન્સીલરશ્રીઓ,ફાયર બિગ્રેડના મ્યુ.કર્મચારીઓને તથા અ.મ્યુ.કો.ના સ્નાનાગાર ખાતાના રીટાયર્ડ કર્મચારીઓને વિના મુલ્યે પ્રવેશ આપવાનો રહેશે.

૧૫. પી.પી.પી.થી ભરેલ વાર્ષિક ભાડાની રકમમાં દર ત્રણ વર્ષ બાદ ૧૦% મુજબનો વધારો ચુકવવાનો રહેશે.

૧૬. સ્નાનાગારમાં પુલના પાણીની ક્વોલીટી જાળવવા માટે ફિલ્ટ્રેશન પ્લાન્ટ, પી.એચ. લેવલ તથા કલોરીનની માત્રાની જાળવણી વગેરે તમામ જવાબદારી એજન્સીની રહેશે.

૧૭. પી.પી.પી. થી સ્નાનાગાર ચલાવનારે સ્નાનાગારના મકાનનો ઉપયોગ તરણક્રિયા માટે સવારે ૫:૦૦ થી રાત્રીના ૧૧:૦૦ કલાક સુધી કરી શકાશે.જરૂરીયાત પ્રમાણે દરેક સ્નાનાગાર ઉપર કોચ ઉપરાંત લાઈફગાર્ડ મુકવાના રહેશે. કોઈપણ કાર્યક્રમ માટે પોલીસ વિભાગની પરવાનગીની જરૂર હોય ત્યારે અગાઉથી મંજુરી લેવાની રહેશે તથા અ.મ્યુ.કો.ને જાણ કરવાની રહેશે.

૧૮. અ.મ્યુ.કો.ના ચાલુ ફરજ ઉપરનો સ્ટાફ તથા તેઓના કુંટુંબની વ્યાખ્યામાં આવતા સભ્યો માટે ૧૫% કન્શેસન આપવાનું રહેશે.

૧૯. સભ્ય પાસેથી સભ્ય ફી ઉપરાંત સરકારશ્રીના નીતિ નિયમ મુજબનો જીએસટી અલગથી લેવાનો રહેશે.

૨૦. સભ્ય પાસેથી લીધેલ જીએસટી સરકારશ્રીનાં નીતિ નિયમ મુજબ જમા કરાવી ચલણ રજુ કરવાનું રહેશે.

૨૧. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પી.પી.પી. આપવામાં આવેલ સ્નાનાગાર જેઓને વપરાશ અર્થે આપેલ હોય તેઓ એજ તેનો ઉપયોગ કરવાનો રહેશે. અન્ય કોઇ પેટા ભાડુઆત કે સંસ્થાને ચલાવવા આપી શકાશે નહી.

૨૨. પી.પી.પી. થી સ્નાનાગાર ચલાવનારે સ્નાનાગાર માં ફી, સમય, જરૂરી મોબાઇલ નંબર દર્શાવતા અને અન્ય જરૂરી સાઇન બોર્ડ તથા ફરિયાદ/ સૂચન બોક્ષ અ.મ્યુ.કો. નકકી કરવામાં આવેલ સાઇઝ અને કવોલીટી મુજબના લગાવવાના રહેશે.

૨૩. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્નાનાગાર ફાળવી આપવામાં આવશે તેટલી જ જગ્યામાં સ્વ ખર્ચે સ્નાનાગાર માટેના જરૂરી સાધન સામગ્રી ,જરૂરી પુરુષ તથા મહિલા કોચ,લાઇફગાર્ડ,પુલબોયરીંગ, સફાઇ સ્ટાફ, લાઇટ,RO તથા વોટરકુલર સાથે પાણી, સાધન મેન્ટેનન્સ, બિલ્ડીગ મેન્ટેનન્સ, સિક્યુરીટી,કરવેરા તેમજ અન્ય વિગેરે સગવડો તેમજ આનુસંગિક તમામ ખર્ચ કરવાની તથા તે વ્યવસ્થાને જાળવી રાખવાની જવાબદારી પી.પી.પી.થી ચલાવનારની રહેશે.

૨૪. સ્નાનાગારમાં કોઇ પણ તાલીમાર્થી/પ્રશિક્ષકને કે અન્ય કોઇ પણ વ્યકિતને આર્થિક , માનસિક , શારિરીક ઇજા કે જાનહાની થાય તે અંગેની તમામ જવાબદારી સ્નાનાગાર પી.પી.પી.થી ચલાવનારની રહેશે.અ.મ્યુ.કો.(અધિકારી/કર્મચારી)ની કોઇ જવાબદારી રહેશે નહી.

૨૫. પી.પી.પી. સ્નાનાગાર ચલાવનારે સ્નાનાગારમાં ફર્સ્ટ એઇડ બોક્ષ તથા જરૂરી રેસ્પીરેટરી પંપની વ્યવસ્થા રાખવાની રહેશે.

૨૬. સ્નાનાગારમાં કોઇ પણ પ્રકારનો અકસ્માત તથા ડુબવાનો બનાવ બનશે તો તેની સઘળી જવાબદારી જે તે એજન્સીની રહેશે.

૨૭. સ્નાનાગારમાં ડુબવાથી કે કોઇ પણ પ્રકારથી કોઇ પણ વ્યકિતનું મૃત્યુ થાય કે ઇજા થાય તે સંજોગોમાં વળતર આપવાની તમામ જવાબદારી એજન્સીની રહેશે.આ અંગે નિયમ મુજબ લેવાનો થતો ઇન્સ્યોરન્સ એજન્સીએ લેવાનો રહેશે.

૨૮. અ.મ્યુ.કો. દ્વારા જણાવેલ શરતો ભંગ કરશે અથવા સંસ્થાની કામગીરી સંતોષકારક નહી હોય તો અ.મ્યુ.કો. કોઇ પણ જાતના કારણ દર્શાવ્યા સિવાય સ્નાનાગારનો કબ્જો પરત લઇ શકશે.આ અંગેનો નિર્ણય મ્યુ.કમિશનરશ્રીનો આખરી નિર્ણય ગણાશે.

૨૯. સ્નાનાગારમાં કોઇ પણ જાતનો વાદ વિવાદ ઉભો થાય તો તે અંગેનો નિર્ણય અમદાવાદ કોર્ટની હકુમતમાંથી મેળવવાનો રહેશે.

૩૦. અનિવાર્ય સંજોગોમાં જો સ્નાનાગારનો વાર્ષિક કરાર અધવચ્ચે રદ થાય અથવા પી.પી.પી. કે અ.મ્યુ.કો. દ્વારા અન્ય વ્યવસ્થા કરવામાં આવે તો તે અંગેનો મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૩૧. ભરેલ ભાવો જે તે સ્નાનાગાર (જગ્યા) ની રૂબરૂ મુલાકાત લઇને જ ભરેલા છે તેમ સમજવામાં આવશે તેમજ વર્ષ દરમ્યાન કોઇ કુદરતી આફત કે મહામારી સર્જાય તો તે સમય દરમ્યાનનું કોઇ વળતર કે સહાય અ.મ્યુ.કો. દ્વારા ચુકવવામાં આવશે નહીં.

૩૨. પી.પી.પી.થી સ્નાનાગાર ચલાવનાર છ માસ પહેલા લેખિત જાણ કર્યા સિવાય કરારનો અંત લાવી શકશે નહીં.નિર્ધારીત સમય પહેલા પી.પી.પી.થી સ્નાનાગાર ચલાવવા અંત જો પી.પી.પી.થી ચલાવનાર દ્વારા લાવવામાં આવશે તો પી.પી.પી.થી ચલાવનારે વર્ષના ભાડા જેટલી રકમ પેનલ્ટી તરીકે ભરવાની રહેશે.

૩૩. અ.મ્યુ.કો.દ્વારા પી.પી.પી.થી આપેલ સ્નાનાગારનો અ.મ્યુ.કો.ને જરૂર પડે ત્યારે વિના મુલ્યે ઉપયોગ કરવા દેવાનો રહેશે.જે માટે તેઓને અગાઉથી જાણ કરવામાં આવશે.

૩૪. ઉપરોક્ત તમામ શરતોના અર્થઘટન બાબતે અને ભવિષ્યમાં અ.મ્યુ.કો.ની જણાવેલ શરતો સિવાય વખતો વખત શરતોમાં ફેરફાર/ઉમેરવાની,તેમજ કોઇ પણ ઉભા થનાર પ્રશ્ન બાબતે મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય/આદેશ,સુચન આખરી ગણાશે.જે સંસ્થાને માન્ય રાખવાનો રહેશે.

૩૫. મ્યુ.કમિશનરશ્રી કોઇ પણ કારણ દર્શાવ્યા વિના સંપુર્ણ ટેન્ડર/ટેન્ડર પ્રક્રિયા રદ/ફેરફાર કરી શકશે.

૩૬. પી.પી.પી.થી ચલાવવા આપેલ સ્નાનાગારની મુદત પુરી ન થાય ત્યાં સુધી અન્ય કોઇ સંસ્થા ને ગીરો,વેચાણ કે ટ્રાન્સફર પી.પી.પી.થી ચલાવનાર એસાઇન કરી શકશે નહી.

૩૭. પી.પી.પી ધોરણે સ્નાનાગાર ચલાવનારે ક્વોલીફાઇડ કોચ (તરવાની વિવિધ વૈજ્ઞાનિક પધ્ધતિઓ તથા તાલીમનો ત્રણ વર્ષનો અનુભવ,ડુબતા માણસને બચાવવાની જુદી જુદી રીતો તથા કૃત્રિમ શ્વાસોશ્વાસ આપવાનો અનુભવ જરૂરી છે.)

૩૮. સ્નાનાગારમાં બિલ્ડીગનુ બજેટ મેન્ટેનન્સ દર ત્રણ વર્ષે જરૂરીયાત મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરી આપવામાં આવશે.પરંતુ સામાન્ય પ્રકારનું જેમ કે શાવર,કોક,બેઝીન,કમોડ વિગેરે પ્રકારનું મેઇન્ટેનન્સ એજન્સીએ સ્વ ખર્ચે કરાવવાનું રહેશે.

૩૯. સ્ત્રી સભ્યો માટે લેડીઝ કોચની જ નિમણુંક કરવાની રહેશે.

૪૦. સ્નાનાગાર મકાનમાં જરૂરી લાઇટ અને પંખા લગાવવાના તથા ચાલુ કન્ડીશનમાં રાખવાના રહેશે.

૪૧. કોવીડ-૧૯ અંગે વખતોવખતની સરકારશ્રીની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪૨. સ્નાનાગાર ની પ્રીમાઇસીસની રોજે રોજ સાફ સફાઇ કરવાની રહેશે. તેમજ સ્નાનાગારમાં મુકેલ તમામ સાધનો ટોઇલેટ, યુરીનલ,ફ્લોર ,ટેરેસ , બારી દરવાજા, પંખા, લાઇટ,ડેક,પુલ વગેરેની સફાઇ નિયમીત કરવાની રહેશે.સ્નાનાગાર બાબતે કોઇપણ પ્રકારની ફરીયાદ આવશે તો દિવસ દીઠ રૂ.૫૦૦૦/- પેનલ્ટી વસુલવામાં આવશે.

૪૩. કોન્ટ્રાક્ટર દ્વારા ભાડા ઉપરાંત સરકારશ્રી દ્વારા નક્કી થયેલ G.S.T. ની રકમ અલગથી ભરવાની રહેશે.

૪૪. જેમ જેમ નવા બનેલ સ્નાનાગારનું લોકાપર્ણ થશે તે તારીખથી પી.પી.પી. ચલાવનારને કબજો સોંપવામાં આવશે. પાંચ વર્ષનો સમયગાળો તથા ટેન્ડરમાં ભરેલ અપસેટ વેલ્યુ,એસ.ડી. તે સમયે તુર્ત જ ભરવાની રહેશે.

૪૫. અ.મ્યુ.કો.ની જણાવેલ શરતો સિવાય વખતો વખત શરતોમાં ફેરફાર કરવાની તેમજ ઉમેરવાની સત્તા અ.મ્યુ.કો.ની રહેશે જે સંસ્થાએ માન્ય રાખવાની રહેશે.

૪૬. પી.પી.પી.થી સ્નાનાગાર ચલાવવા અંગેની તમામ સરકારી જરૂરી પરવાનગી તથા જરૂરી સર્ટીફીકેટ જેવા કે પ્રોફેશનલ ટેક્ષ, ગુમાસ્તાધારા સર્ટી વિગેરે કોન્ટ્રાકટરે મેળવવાના રહેશે.તથા કોઇ પણ સરકારી કે અર્ધ સરકારી સંસ્થાના કરવેરા ચુકવવાના રહેશે.

૪૭. એજન્સી દ્વારા પ્રવેશ ફોર્મ , સભ્ય આઇ કાર્ડ કોર્પોરેશનને વિશ્વાસમાં લઇ છપાવવાના રહેશે. તેમજ સભ્યને સભ્ય ફી ભરે તેજ વખતે ભરેલ નાણાંની પહોચ સ્થળ પર જ આપવાની રહેશે. તથા જરૂરી રજીસ્ટરો નિભાવવાના રહેશે.

૪૮. સ્નાનાગારમાં કોઇ પણ પ્રકારે નુકસાન થશે તો સિક્યુરીટી ડીપોઝીટની રકમમાંથી નાણાં વસુલ કરવામાં આવશે અને તેમ છતાં રકમ બાકી રહેશે તો તે રકમ કાયદેસર પગલા લઇ વસુલ કરવામાં આવશે.જે અરજદારને બંધનકર્તા રહેશે.

૪૯. એજન્સીએ દર માસના અંતે સભ્યોની સંખ્યા તથા માસિક આવકની માહીતી દર માસના અંતે સ્નાનાગાર હેડ ઓફિસ ખાતે મોકલી આપવાની રહેશે.

૫૦. અ.મ્યુ.કો.ને યોગ્ય જણાય તો ૭ દિવસની નોટીસ આપી કરારનો અંત લાવી શકશે.સંસ્થા દ્વારા ભરવામાં આવેલ પ્રિમીયમની રકમ પ્રો-રેટ રીફંડ આપવાનું રહે.

૫૧. પી.પી.પી.થી ચલાવનાર સ્નાનાગારનો ઉપયોગ તરણક્રિયાની ટુર્નામેન્ટ માટે કરી શકશે.

૫૨. અ.મ્યુ.કો.ના મિલકત વેરાની જવાબદારી પી.પી.પી. ચલાવનારની રહેશે.

૫૩. સરકારી ધારાધોરણ મુજબ લેવાના થતા તમામ લાયસન્સ સંબંધિત એજન્સીએ ફરજીયાત લેવાના રહેશે.

૫૪. પી.પી.પી. ધોરણે સ્નાનાગાર ચલાવવા માટે નક્કી થયેલ વાર્ષિક રકમ જે તારીખથી સ્નાનાગાર ચલાવવા આપવામાં આવે ત્યારથી ૧૦ દિવસમાં સ્નાનાગાર ખાતાની હેડ ઓફિસ લાલ દરવાજા ખાતે જમા કરાવવાની રહેશે.જો વિલંબ કરવામાં આવશે તો અ.મ્યુ.કો. દ્વારા વ્યાજ અને પેનલ્ટીની રકમ વસુલવામાં આવશે.જો ૨૦ દિવસથી વધારે વિલંબ થશે તો સ્નાનાગાર ચલાવવા માટે આપેલ પરવાનો રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

૫૫. પી.પી.પી. ધોરણે સ્નાનાગાર ચલાવનારે રાખેલ કોચ તેમજ લાઇફગાર્ડ ના લાયકાતનું સર્ટીફીકેટ અ.મ્યુ.કો.ને આપવાના રહેશે.

અમદાવાદ

તા.

સંસ્થાનો સહી/ સિકકો

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

મહાનગર સેવા સદન-અમદાવાદ
રમણભાઈ લલ્લુભાઈ મ્યુ.સ્નાનાગાર,
લાલ દરવાજા,અમદાવાદ-૩૮૦૦૦૧.

**<u>સ્નાનાગાર પી.પી.પી થી ચલાવવા અંગે ભાવ ભરવાનું કવર- B</u>**

| | | | |
|---|---|---|---|
| ભાવ ભરનાર સંસ્થા / વ્યકિતનું નામ | | | |
| ભાવ ભરનાર સંસ્થા / વ્યકિતનું સરનામું | | | |
| ઈ-મેઈલ :- | | | મોબાઈલ નંબરઃ- |
| ક્રમ | સ્નાનાગારનું નામ | ભાવ રૂા. અંકમાં | ભાવ રૂા. શબ્દોમાં |
| ૧ | પુર્વ ઝોનના વસ્ત્રાલ વોર્ડમાં માધવ ઈન્ટરનેશનલ સ્કુલની પાસે, ગંગા એપાર્ટમેન્ટ,EWS આવાસની બાજુમાં, વસ્ત્રાલ સ્નાનાગાર (૫૦ ચો.મી. x ૨૫ ચો.મી. બેબી પુલ સાથે) | | |
| ભાવ ભરવાની છેલ્લી તારીખ અને સમય | | તારીખઃ- ૦૧/૦૪/૨૦૨૨ સમયઃ બપોરે ૨.૦૦ કલાક સુધી | |
| ભાવ ભરીને મોકલાવાનું સરનામું | | ટેન્ડર ઓફિસર, સેન્ટ્રલ રેકર્ડ ઓફિસ,મ્યુનિસીપલ કોર્પોરેશન, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧ ( રુબરુ /રજીસ્ટરએડી / સ્પીડ પોસ્ટથી) | |
| ભાવ ખોલવાની તારીખ, સમય અને સ્થળ | | તારીખઃ- ૦૧/૦૪/૨૦૨૨ સમયઃ બપોરે ૩.૦૦ કલાકે ટેન્ડર ઓફિસર, સેન્ટ્રલ રેકોર્ડ ઓફિસ,મ્યુનિસીપલ કોર્પોરેશન, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧ | |

નોંધઃ- ૧. ઉપરોક્ત સ્નાનાગાર માટે ભરેલ વાર્ષિક ભાવ મુજબ બાકીના વર્ષ માટે નાણાં ચુકવવાનાં રહેશે.ભરેલ ભાવ ઉપરાંત જી.એસ.ટી અલગથી ચુકવવાનો રહેશે તથા ટેન્ડરની શરતો બંધનકર્તા રહેશે.

૨.વસ્ત્રાલ વોર્ડમાં (બેબી પુલ સાથે) આવેલ સ્નાનાગારની લઘુત્તમ વાર્ષિક અપસેટ વેલ્યુ રૂા.૧૮,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા અઢાર લાખ પુરા) રહેશે.

૩. લઘુતમ વાર્ષિક અપસેટ વેલ્યુની નીચે ભાવ ભરનારનું ટેન્ડર રદ બાતલ કરવામાં આવશે.

૪.સીલબંધ કવર ઉપર સ્નાનાગારનું નામ લખવાનું રહેશે.

અરજદાર

સંસ્થા/ વ્યકિતની સહી/ સિક્કો